# નોટીસ

તારીખ : ૦૬/૦૧/૨૧

"રાષ્ટ્રીય એકતા શિબિર ૨૦૨૧" ખાતે તા.૦૯/૦૧/૨૦૨૧ ને શનિવારના રોજ IQAC અને અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે "પ્રવાસી ભારતીય દિવસ" વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર ગુગલ મીટના માધ્યમથી ઓનલાઈન કાર્યક્રમનું આયોજન કરેલ છે.. અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાંથી ગોલ્ડમેડલ સાથે ડેન્ટલ મેડીસીનની ડીગ્રી ધરાવતા મૂળ વતન વલસાડના અને  હાલમાં અમેરિકા સ્થિત (USA) થી  શ્રી ડૉ.અંશ દેસાઈ વક્તા તરીકે ઉપસ્થિત રહેશે. .8:00 વાગ્યે ઓનલાઈન  હાજર રહેવું. સમગ્ર કાર્યક્રમનું ઓનલાઈન સંચાલન NAAC/IQAC કૉ.ઑડિનેટર અંગ્રેજી વિષયના પ્રા.ધર્મરાજભાઈ ઈ. ટેંભરેએ અને  NAAC ના આસિ.કૉ.ઑડિનેટર તેમજ સાંસ્કૃતિક સમિતિ અને કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા. જીગરકુમાર વી. પરમાર દ્વારા થશે.

GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No. : 630

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ

## તા. ખેરગામ જી. નવસારી, ૩૯૬૦૪૦

પ્રવૃત્તિ પરવાનગી માટેનું અરજીપત્રક

તા: 07/1/21

IQAC કો-ઓર્ડિનેટરશ્રી,

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા. ખેરગામ જી. નવસારી.

વિષય "પ્રવાસી ભારતીય દિવસ" - ઓનલાઈન

મુ. મહાશયશ્રી

સવિનય જયભારત સાથે લખી જણાવવાનું કે તા: 09/01/21 નાં રોજ સમય 10:00 દરમ્યાન અત્રેની કોલેજમાં ............ ધારા અંતર્ગત અંગ્રેજી વિભાગ અંતર્ગત પ્રવાસી ભારતીય દિવસ ની ઉજવણી કરવામાં માટે પરવાનગી આપશો એવી આપશ્રીને નમ્ર વિનંતિ છે જે આપ સાહેબશ્રીને વિદિત થાય.

ધારા વિભાગ અધ્યક્ષની સહી અંગ્રેજી

ઉપરોક્ત વિષયને અત્રેથી પરવાનગી આપવામાં આવે છે/ આપવામાં આવતી નથી ............

આપની કક્ષાએથી ઘટીત કાર્યવાહી કરવા વિનંતી.

IQAC કો-ઓર્ડિનેટરશ્રી,

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, ખેરગામ

તા ખેરગામ જિ.નવસારી.

તા

ઉપરોક્ત વિષયને અત્રેની કક્ષાએથી મંજૂરી આપવામાં આવે છે./ મંજૂરી આપવામાં આવતી નથી.

GOVT. ARTS & COMM.-COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM Dist. Navsari.
Code No. : 630

# અહેવાલ

તા.૦૯/૦૧/૨૦૨૧

વિષય : "પ્રવાસી ભારતીય દિવસ" વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજવા બાબત.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા.ખેરગામ જી.નવસારી ખાતે તા.૦૯/૦૧/૨૦૨૧ ને શનિવારના રોજ IQAC અને અંગ્રેજી વિભાગના સંયુક્ત ઉપક્રમે "પ્રવાસી ભારતીય દિવસ" વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર ગૂગલ મીટના માધ્યમથી યોજાયો. આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ એક દિવસીય ઓનલાઈન આંતરરાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જે નિમિત્તે અમેરિકાની બોર્સ્ટન યુનિવર્સિટીમાંથી ગોલ્ડમેડલ સાથે ડેન્ટલ મેડીસીનની ડીગ્રી ધરાવતા મૂળ વતન વલસાડના અને  હાલમાં અમેરિકા સ્થિત (USA) થી  શ્રી ડૉ.અંશ દેસાઈ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ.અંશ દેસાઈનું સંસ્થાનાં આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલે શાબ્દિક પરિચય આપી કોલેજ પરિવાર વતી એમને આવકાર્યા હતા. વિષય સંદર્ભે ડૉ.અંશ દેસાઈએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તેમના વકતવ્યમાં "ભારત અને અમેરિકાની શિક્ષણ વ્યવસ્થા, હોમ સ્કૂલીંગ સીસ્ટમ, વિદ્યાર્થીઓના શિક્ષણ માટે લોન વ્યવસ્થા, અમેરિકામાં અંગ્રેજી ભાષાનું મહત્વ, ભારત અને અમેરિકાની બેંકિંગ વ્યવસ્થા, અમેરિકામાં સિનિયર સિટિઝન માટે સ્વાસ્થ્ય સુવિધા," આ બધી બાબતોને ધ્યાનમાં લઈ વિષયને સુસંગત વિસ્તૃત ચર્ચા થઈ હતી. ૯ જાન્યુઆરી ૧૯૧૫ના રોજ મહાત્મા ગાંધીજી મુંબઈ બંદરે પરત આવ્યા હતા. તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે ૯, જાન્યુઆરીના રોજ "પ્રવાસી ભારતીય દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. આ નિમિત્તે આંતરરાષ્ટ્રીય વેબીનારનો ઉદ્દેશ રાષ્ટ્રપિતા ગાંધીજીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં આપેલ યોગદાન અને તેમણે કરેલ રાષ્ટ્રસેવાની સુવાસ અંતરિયાળ વિસ્તારમાં આવેલી  કોલેજના વિદ્યાર્થીઓ જાણે અને સમજે, તેમજ ચોક્કસ કોઈ એક દેશની વર્તમાન પરિસ્થિતિથી માહિતગાર થાય તથા ત્યાંની શિક્ષણ, આરોગ્ય, બેંકિગ વ્યવસ્થાને જાણે  અને પોતાના જીવનમાં પ્રગતિ કરે એ હતો. વિદ્યાર્થીઓ, સ્ટાફગણ સહિત અન્ય કોલેજના અધ્યાપકો અને અન્ય દેશોની પ્રચલિત વ્યક્તિઓએ ઉત્સાહથી આ આંતરરાષ્ટ્રીય વેબીનારનો લાભ લીધો. સમગ્ર કાર્યક્રમનું ઓનલાઈન સંચાલન NAAC/IQAC કો.ઑડિનેટર અંગ્રેજી વિષયના પ્રા.ધર્મરાજભાઈ ઈ. ટેંભરેએ  કર્યું હતું. અને  NAAC ના આસિ.કો.ઑડિનેટર તેમજ સાંસ્કૃતિક સમિતિ અને કોમર્સ વિભાગના અધ્યક્ષ પ્રા. જીગરકુમાર વી. પરમારે આભાર વ્યકત કર્યો હતો.

GOVT. ARTS & COMMERCE COLLEGE * KHERGAM *

Principal,
Government Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.

દિવ્ય ભાસ્કર નવસારી 16-01-2021

# ખેરગામ કોલેજમાં પ્રવાસી ભારતીય દિવસ વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર યોજાયો

ખેરગામ | ખેરગામ કોલેજમાં IQAC અને અંગ્રેજી વિભાગનાં સંયુક્ત ઉપક્રમે "પ્રવાસી ભારતીય દિવસ' વિષય સંદર્ભે આંતરરાષ્ટ્રીય વેબિનાર સોશિયલ મીડિયાના માધ્યમથી આચાર્ય ડો. એસ.એમ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. જે નિમિત્તે અમેરિકાની બોસ્ટન યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ સાથે ડેન્ટલ મેડિસીનની ડિગ્રી ધરાવતા મૂળ વલસાડના અને હાલમાં અમેરિકા સ્થિત (USA)થી ડો.અંશ દેસાઈ વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. વિષય સંદર્ભે ડો.અંશ દેસાઈએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા તેમના વકતવ્યમાં 'ભારત અને અમેરિકા શિક્ષણ વ્યવસ્થા, હોમ સ્કૂલિંગ સિસ્ટમ, વિદ્યાર્થીઓના શિક્ષણ માટે લોન વ્યવસ્થા, અમેરિકામાં અંગ્રેજી ભાષાનું મહત્ત્વ, ભારત અને અમેરિકાની બેંકિંગ વ્યવસ્થા, અમેરિકામાં સિનિયર સિટીઝન માટે સ્વાસ્થ્ય સુવિધા, આ બધી બાબતોને ધ્યાનમાં લઈ વિષયને સુસંગત વિસ્તૃત ચર્ચા થઈ હતી. ૯મી જાન્યુઆરી 1915એ મહાત્મા ગાંધીજી મુંબઈ બંદરે પરત આવ્યા હતા. તેમની યાદમાં ભારત સરકાર દ્વારા દર વર્ષે ૯મી જાન્યુઆરીએ વિદ્યાર્થીઓ, સ્ટાફ ગણ સહિત અન્ય કોલેજના અધ્યાપકો અને અન્ય દેશોની પ્રચલિત વ્યક્તિઓએ ઉત્સાહથી આ આંતરરાષ્ટ્રીય વેબિનારનો લાભ લીધો હતો.



GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No. : 630